| કુલ ગુણ | 100 |
|---|---|

# SSMS EXAM - 2025

A

| SSMS-G | પ્રશ્ન પુસ્તિકા નંબર
QUESTION PAPER NO.
A 103306
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઈ પણ સાહિત્ય ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્ત લિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, પેજર, કેલક્યુલેટર કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઈ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર (OMR SHEET) માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર (OMR SHEET) ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર (OMR SHEET) નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઈપણ પ્રકારની નિશાની કરવી નહીં. |
| (10) | આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, OMR SHEET માં વિકલ્પ (B) નું વર્તુળ કાળુ (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. (NO NEGATIVE MARKING SYSTEM) |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | ઉત્તરપત્ર (OMR SHEET) માં પ્રશ્નપત્રનો SET દર્શાવી તે અનુસારના વિકલ્પનું વર્તુળ કાળુ (Encode) અચૂક કરવાનું રહેશે. |
| (15) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઈ પણ પ્રકારની નિશાની કરવી નહિ. |

# રફ કામ માટેનું પેઈજ

(1) ગુજરાતના કયા ગામ ખાતેથી સૌપ્રથમ ખનિજ તેલ પ્રાપ્ત થયું હતું ?

(A) લૂણેજ (B) પાનધ્રો (C) માંડવી (D) સાચતપર

(2) 'બાળ અધિકાર દિવસ' કઈ તારીખે ઊજવવામાં આવે છે ?

(A) 14 નવેમ્બર (B) 26 ડિસેમ્બર (C) 10 ડિસેમ્બર (D) 20 નવેમ્બર

(3) નીચેના પૈકી કયું સ્થળ શંકરાચાર્યજીનું જન્મસ્થળ છે ?

(A) પેરૂમલતૂર (B) કાશી (C) કાલડી (D) અયોધ્યા

(4) ભારત દેશ પૂર્વના અરુણાચલથી પશ્ચિમમાં ગુજરાતના કચ્છ સુધી કેટલા કિલોમીટરમાં વિસ્તરેલો છે ?

(A) 3114 કિ.મી. (B) 2933 કિ.મી.

(C) 3229 કિ.મી. (D) 3142 કિ.મી.

(5) નીચેનામાંથી કયું વિધાન ભાષાની દૃષ્ટિથી બરાબર નથી ?

(A) દરેક મહેમાનોને વિનંતી કે તેઓ પોતાના સ્થાન પર ઊભા થાય.

(B) આ પારિતોષિક પ્રતિવર્ષે અપાય છે.

(C) બધા શિક્ષકો મળીને આ કાર્ય સંપન્ન કરશે.

(D) બધાં બાળકો ત્યાં દરરોજ રમવા જતાં હતાં.

(6) 'સત-શત' માટે નીચેનામાંથી શું સાચું છે ?

(A) સતી - શાંતિ (B) સેંકડો - કરોડો

(C) સત્ય - સો (D) સત્ય - શાંતિ

(7) एक तो करेला ऊपर से नीम चढ़ा - कहावत का अर्थ लिखें।

(A) दो व्यक्तियों की स्थिति में बहुत अंतर होना।

(B) एक दोष के साथ-साथ दूसरे दोष भी लग जाना।

(C) प्रसिद्धि अधिक किंतु तत्त्व कुछ भी नहीं।

(D) जो डींग मारते हैं, वे काम नहीं करते।

(8) We .......... to the market last Sunday.

(A) go (B) went (C) going (D) goes

(9) નીચે પૈકી કઈ પદ્ધતિ શિક્ષક-વિદ્યાર્થી સહભાગી કેન્દ્રી પદ્ધતિ છે ?

(A) નિરીક્ષિત અભ્યાસ (B) નાટ્યીકરણ (C) સ્વાધ્યાય (D) વાર્તાકથન

(10) નીચે પૈકી કયું માઈક્રોટીચીંગનું સોપાન નથી ?

(A) સૂક્ષ્મપાઠનું આયોજન (B) શિક્ષણ

(C) પુનઃ શિક્ષણ (D) નિરીક્ષણ

(11) સ્થળ અને સ્થાપત્ય સંદર્ભે નીચે આપેલ 'અ' વિભાગને 'બ' વિભાગ સાથે યોગ્ય રીતે જોડો.

| | 'અ' | | | 'બ' |
|---|---|---|---|---|
| a | પાટણ | — | 1 | રૂદ્ર મહાલય |
| b | સિદ્ધપુર | — | 2 | રાણીની વાવ |
| c | વડનગર | — | 3 | મલાવ તળાવ |
| d | ધોળકા | — | 4 | શર્મિષ્ઠા તળાવ |
| | | | 5 | ભદ્રકાળીનો કિલ્લો |

(A) a-3, b-1, c-5, d-4 (B) a-2, b-1, c-4, d-3
(C) a-2, b-3, c-4, d-5 (D) a-4, b-3, c-1, d-2

(12) પર્વત પ્રકાર સંદર્ભે નીચે પૈકી કઈ જોડ યોગ્ય નથી ?
(A) ગેડ પર્વત - હિમાલય (B) ખંડ પર્વત - વિંધ્યાચલ
(C) જ્વાળામુખી પર્વત - પાવાગઢ (D) અવિશિષ્ટ પર્વત - સાતપુડા

(13) કેટલીક વનસ્પતિ આધાર મેળવવા માટે અન્ય વૃક્ષો પર ચઢે છે. વનસ્પતિને આ કરવાની જરૂર પડે છે કારણ કે...
(A) તેમનાં મૂળ મજબૂત હોય છે. (B) તેમનાં પ્રકાંડ લીલા હોય છે.
(C) તેમનાં ફૂલોમાં ચમક હોય છે. (D) તેમનાં પ્રકાંડ નબળા હોય છે.

(14) નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમ મુજબ ગોઠવો.
— ગૌશાળા — કૌશિક
— જ્ઞાનસત્ર — ક્ષિતિજ
(A) કૌશિક, ગૌશાળા, ક્ષિતિજ, જ્ઞાનસત્ર (B) કૌશિક, જ્ઞાનસત્ર, ગૌશાળા, ક્ષિતિજ
(C) કૌશિક, ક્ષિતિજ, ગૌશાળા, જ્ઞાનસત્ર (D) કૌશિક, ક્ષિતિજ, જ્ઞાનસત્ર, ગૌશાળા

(15) ભાવવાચક સંજ્ઞા કઈ છે ?
(A) રતાશ (B) ધણ (C) સિંહ (D) ચાંદી

(16) Cut નું ભૂતકાળનું રૂપ
(A) Cutted (B) Cuted (C) Cuteed (D) Cut

(17) अष्टाशीतिः એટલે કેટલા ?
(A) 88 (B) 28 (C) 38 (D) 58

(18) त्वम् નું દ્વિવચન શું થાય ?
(A) आवाम् (B) वयम् (C) युवाम् (D) यूयम्

(19) માતૃભાષાના પ્રાથમિક કૌશલ્ય કયા કયા છે ?
(A) શ્રવણ અને વાચન (B) વાચન અને લેખન
(C) શ્રવણ અને લેખન (D) શ્રવણ અને કથન

(20) જે લાંબાગાળે સિદ્ધ થાય તેવા હેતુને.....

(A) વિશિષ્ટ હેતુ કહે છે. (B) સામાન્ય હેતુ કહે છે.

(C) પ્રત્યક્ષ હેતુ કહે છે. (D) પરોક્ષ હેતુ કહે છે.

(21) બ્લૂમ ટેક્સોનોમી શિક્ષકોને મુખ્યત્ત્વે શું મદદ કરે છે ?

(A) વર્ગખંડની બેઠક વ્યવસ્થા કરવામાં (B) શીખવાનાં લક્ષ્યો અને પરિણામો તૈયાર કરવામાં

(C) વિદ્યાર્થીઓના પરિણામ/ગુણની ગણતરી કરવામાં (D) શાળાના સમયપત્રકની રચના કરવામાં

(22) શિક્ષણમાં રચનાત્મક મૂલ્યાંકનનો મુખ્ય હેતુ શું છે ?

(A) પાઠ/એકમના અંતે પરીક્ષા લઈને વિદ્યાર્થીઓને ગુણ આપવા

(B) અધ્યયન સુધારણા માટે સતત પ્રતિસાદ આપવો

(C) વિદ્યાર્થીઓના પરિણામની પરસ્પર તુલના કરવી

(D) સત્રાંત પરીક્ષાની તૈયારી કરવી

(23) કઈ શિક્ષણ પદ્ધતિમાં શોધ અને સમસ્યા ઉકેલ પર ભાર હોય છે ?

(A) વ્યાખ્યાન (Lecture) પદ્ધતિ

(B) નિદર્શન (Demonstration) પદ્ધતિ

(C) રચનાવાદી (Constructivist) નિર્માણવાદી પદ્ધતિ

(D) સ્મૃતિ આધારિત શિક્ષણ

(24) સક્રિય અધ્યયન પદ્ધતિનું ઉદાહરણ નીચેના પૈકી કયું છે ?

(A) શિસ્તબદ્ધ, શાંત વર્ગખંડમાં વિદ્યાર્થીઓ શિક્ષકને સાંભળતા હોય.

(B) શિક્ષકના વ્યાખ્યાન દરમિયાન મુખ્ય મુદ્દા વિદ્યાર્થીઓ બોર્ડમાંથી નોંધતા હોય.

(C) જૂથ ચર્ચા અને જોડીકાર્યમાં વિદ્યાર્થીઓ ભાગ લેતા હોય.

(D) પાઠ્યપુસ્તકમાં આપેલ એકમ સારાં અક્ષરે નોટમાં લખતા હોય.

(25) પ્રવૃત્તિલક્ષી શિક્ષણમાં 'પ્રવૃત્તિ'ની લાક્ષણીકતાઓ કઈ છે ?

(A) વિદ્યાર્થીઓ આનંદથી જેમાં સક્રિયતાથી સામેલ થાય તેવી

(B) વિદ્યાર્થીઓએ ફરજિયાતપણે વર્ગખંડની બહાર જવું પડે તેવી

(C) વિદ્યાર્થીઓએ જૂથમાં જ કાર્ય કરવું પડે તેવી

(D) વિદ્યાર્થીઓને મજા પડે તેવી

(26) પતંગાકાર ચતુષ્કોણ માટે નીચે પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) પાસપાસેની બાજુઓની ફક્ત બે જોડ સમાન લંબાઈની હોય.

(B) વિકર્ણ પરસ્પર કાટકૂણે હોય.

(C) એક વિકર્ણ બીજા વિકર્ણને દુભાગે.

(D) સામસામેની બાજુની લંબાઈ સમાન હોય.

(27) એક વ્યક્તિ રૂા. 708 માં વસ્તુ ખરીદે છે. જેમાં 18% GST સામેલ છે. તો GST ઉમેર્યા પહેલા આ વસ્તુની કિંમત શું થશે ?

(A) 580 રૂા. (B) 600 રૂા. (C) 708 રૂા. (D) 835 રૂા.

(28) જો નળાકારની ઊંચાઈ ચોથા ભાગની કરવામાં આવે અને તેની ત્રિજ્યા બમણી કરવામાં આવે તો નીચેના પૈકી શું સાચું છે ?


(A) નળાકારનું કદ બમણું થશે.
(B) નળાકારનું કદ અડધું થશે.
(C) નળાકારનું કદ ચાર ગણુ થશે.
(D) નળાકારના કદમાં કોઈપણ ફેરફાર થશે નહીં.

(29) "વિદ્યાર્થી ચોકસાઈથી આલેખ દોરે છે" ગણિત શિક્ષણનો કયો હેતુ સમાયેલ છે ?

(A) જ્ઞાન (B) સમજ (C) ઉપયોજન (D) કૌશલ્ય

(30) જો 8 મજૂરો એક કામ 20 દિવસમાં પૂરું કરે તેમ હોય, તો તે કામને 8 દિવસમાં પૂરું કરવા કેટલા વધુ મજૂરોની જરૂર પડે ?

(A) 8 (B) 10 (C) 12 (D) 20

(31) 


આકૃતિમાં દર્શાવેલ ખૂણાઓ 1 અને 2 કયા પ્રકારના ખૂણાઓની જોડ છે ?

(A) અનુકોણની જોડ
(B) પૂરકકોણની જોડ
(C) અભિકોણની જોડ
(D) અંતઃ યુગ્મકોણની જોડ

(32) આપેલ દ્વીઘાત સમીકરણ $px^2 + qx + r = 0$ માટે નીચેની કઈ પરિસ્થિતિમાં સમાન વાસ્તવિક બીજ મળશે.

1) $q^2 - 4pr = 0$
2) $q^2 > 4pr$
3) $q^2 = 4pr$
4) $q^2 < 4pr$

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 2 અને 3 (D) 3 અને 4

(33) મધ્યક ($\overline{X}$) મધ્યસ્થ (M) અને બહુલક (Z) વચ્ચે નીચેનામાંથી કયો સંબંધ સાચો છે.

1) $3M = Z + 2\overline{X}$
2) $Z = 3M + 2\overline{X}$
3) $2\overline{X} = 3M + Z$
4) $Z = 2\overline{X} - 3M$

(A) 1 (B) 2 (C) 3 (D) 4

(34) $(x + y)^2$ તથા $(x - y)^2$ નો સરવાળો ..................... થાય.

(A) $2x^2 + 2xy + y^2$
(B) $2x^2 + 2y^2$
(C) $4xy$
(D) $2x^2 + 4xy + 2y^2$

(35) એક 12 મીટર લંબાઈનો ચોરસ છે. તેને લંબચોરસમાં ફેરવવા માટે નીચે આપેલ કઈ સંખ્યાઓના વર્ગના માપની બાજુઓ બનાવવી પડે.

(A) 4 અને 5 (B) 3 અને 4 (C) 4 અને 6 (D) 3 અને 5

(36) નીચેના પૈકી કયુ સિસ્ટમ સૉફ્ટવેર છે ?

(A) લિનક્ષ (B) વર્ડ પ્રૉસેસર

(C) સ્પ્રેડશીટ (D) ડેટાબેઝ

(37) વર્ડ પ્રૉસેસર સૉફ્ટવેરમાં, ડોક્યુમેન્ટસમાં ઉમેરેલી વિગતો પર કરવામાં આવેલ અંતિમ ક્રિયાને રદ કરવા માટે કી-બોર્ડ પર કઈ શોર્ટકટ-કીનો ઉપયોગ થાય છે ?

(A) Ctrl + F (B) Ctrl + Z (C) Ctrl + R (D) Ctrl + S

(38) પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનમાં કી-બોર્ડ પરથી કઈ કી દબાવતા પ્રેઝન્ટેશન શરૂ કરી શકાશે ?

(A) F3 (B) F4 (C) F5 (D) F6

(39) નીચેના પૈકી કયુ સર્ચ એન્જીન નથી ?

(A) બિંગ (B) ગુગલ (C) યાહુ (D) આઉટલુક

(40) નીચેનામાંથી કયું ઈ-લર્નીંગ પ્લેટફોર્મ નથી ?

(A) SWAYAM (B) G-Shala

(C) PRASHAST (D) G-Shala+

(41) DIKSHA Platform નું સંચાલન કઈ સંસ્થા દ્વારા કરવામાં આવે છે ?

(A) GCERT (B) CIET (C) VSK (D) GET

(42) ઓરલ રીડિંગ ફ્લુએન્શી (ORF) સર્વે કરવા માટે કઈ એપ્લિકેશનનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) DIVYAAN (B) વાચન સમીક્ષા

(C) સરલ (SARAL) (D) Google Read along

(43) સ્માર્ટ ક્લાસરૂમ અંતર્ગત શિક્ષણકાર્ય માટે કયો વિકલ્પ વધુ યોગ્ય છે ?

(A) શિક્ષક સ્માર્ટ ક્લાસરૂમ ચાલુ કરી બાળકોને જોવાનું કહી અન્ય કામગીરી કરે.

(B) વર્ગમાં જવાબદારી સોંપેલ બાળકો જાતે સ્માર્ટ ક્લાસ શરૂ કરી અભ્યાસ કરે.

(C) શાળાના એક જ શિક્ષક તમામ વર્ગમાં સ્માર્ટ ક્લાસ ચલાવે.

(D) શિક્ષક પોતાના વર્ગકાર્ય દરમિયાન શીખવાની પ્રક્રિયામાં સહાયતા માટે સ્માર્ટ ક્લાસનો ઉપયોગ કરે.

(44) One Nation, One Digital Platform તરીકે કયું પ્લેટફોર્મ ઓળખાય છે ?

(A) DIKSHA (B) PM eVidya (C) BISAG (D) Vande Bharat

(45) "Ctrl + x" શોર્ટકટ કી શું કરે છે ?

(A) Copy (B) Cut (C) Undo (D) Paste

(46) નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) ઊંજણનો ઉપયોગ કરીને ઘર્ષણ ઘટાડી શકાય છે.

(B) મશીનોમાં બોલબેરિંગનો ઉપયોગ કરીને ઘર્ષણ ઘટાડી શકાય છે.

(C) તરલમાં ગતિ કરતી વસ્તુઓને યોગ્ય આકાર આપીને તરલ ઘર્ષણને ઘટાડી શકાય છે.

(D) લોટણ ઘર્ષણ એ સરકતા ઘર્ષણ કરતાં વધુ હોય છે.

(47) "લીંબુ એસિડિક છે કે બેઝિક ?" આ કયા પ્રકારનો પ્રશ્ન છે ?

(A) પડઘા પ્રશ્ન (B) સૂચક પ્રશ્ન (C) અનુમાનપોષક પ્રશ્ન (D) સમર્થન પ્રશ્ન

(48) એક શિક્ષક શિક્ષણકાર્ય દરમિયાન સાર્વત્રિક ગુરૂત્વાકર્ષણનો નિયમ આપી તેના ઉદાહરણ રજૂ કરવા વિદ્યાર્થીઓને જણાવે છે. તો નીચેના પૈકી કયા અભિગમનો ઉપયોગ કરે છે ?

(A) આગમન (B) નિગમન (C) સમસ્યા ઉકેલ (D) સંરચનાવાદી

(49) મનુષ્યના શરીરમાં ગરદન અને શીર્ષના જોડાણમાં કયો સાંધો હોય છે ?

(A) મિજાગરાનો સાંધો (B) ખલ-દસ્તાનો સાંધો (C) અચલ સાંધો (D) ઊખડી સાંધો

(50) એક કાર 15 મિનિટ સુધી 60 km/h ની ઝડપે અને ત્યારબાદ બીજી 15 મિનિટ સુધી 72 km/h ની ઝડપે ગતિ કરે છે, તો કારે કુલ કેટલું અંતર કાપ્યું છે ?

(A) 132 km (B) 66 km (C) 45 km (D) 33 km

(51) કૃત્રિમ ખાતર તરીકે વપરાતા NPK નીચેનામાંથી શું દર્શાવે છે ?

(A) N – Nitrogen P – Phosphorus K – Potassium

(B) N – Nitrogen P – Potassium K – Calcium

(C) N – Neem P – Peepal K – Karela

(D) N – Neem, P – Potash K – Potassium

(52) વિધાન - 1 સૂકી દ્રાક્ષને મીઠાં પાણીમાં મૂકવાથી તે ફૂલે છે.

વિધાન - 2 એક કોષી મીઠાં જળના સજીવો અને વનસ્પતિકોષો આસૃતિ દ્વારા પાણી મેળવે છે.

(A) વિધાન - 1 સાચું - વિધાન - 2 સાચું અને વિધાન - 2 એ વિધાન - 1 સાચું બનવાનું કારણ છે.

(B) વિધાન - 1 સાચું વિધાન - 2 સાચું પણ વિધાન - 2 એ વિધાન - 1 સાચું બનવાનું કારણ નથી.

(C) વિધાન - 1 સાચું પણ વિધાન - 2 ખોટું

(D) વિધાન - 2 સાચું પણ વિધાન - 1 ખોટું

(53) $2FeSO_4(S) \xrightarrow{\text{ઉષ્મા}} Fe_2O_3(S) + SO_2(g) + SO_3(g)$

ઉપરોક્ત પ્રક્રિયા કયા પ્રકારની છે.

(A) વિઘટન (B) સંયોગીકરણ (C) ઑક્સિડેશન (D) વિસ્થાપન

(54) નીચે આપેલ ગ્રંથીઓને માનવશરીરના માથાથી પગ તરફના ઉતરતા ક્રમમાં ગોઠવો.

1 – થાઈરોઈડ
2 – એડ્રિનલ
3 – શુક્રપીંડ / અંડપીંડ
4 – પિનિયલ

(A) 4 – 2 – 1 – 3  (B) 4 – 3 – 2 – 1  (C) 4 – 1 – 2 – 3  (D) 2 – 4 – 1 – 3

(55) વિધાન - 1 અંતર્ગોળ અરીસા દ્વારા ક્યારેય વાસ્તવિક પ્રતિબિંબ રચાય નહીં.
વિધાન - 2 બહિર્ગોળ અરીસા દ્વારા ક્યારેય વાસ્તવિક પ્રતિબિંબ રચાય નહીં.

(A) વિધાન – 1 સાચું  વિધાન – 2 સાચું
(B) વિધાન – 1 સાચું  વિધાન – 2 ખોટું
(C) વિધાન – 1 ખોટું  વિધાન – 2 સાચું
(D) વિધાન – 1 ખોટું  વિધાન – 2 ખોટું

(56) ધોરણ 3 થી 8 ની સરકારી શાળામાં વિદ્યાર્થીને પૂરી પાડવામાં આવતી ડાયરીનું નામ શું છે ?

(A) દૃષ્ટિ - વિદ્યાર્થી ડાયરી
(B) લેસન ડાયરી
(C) કિલ્લોલ - વિદ્યાર્થી ડાયરી
(D) દર્પણ - વિદ્યાર્થી ડાયરી

(57) 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમમાં ગુજરાતનું સહભાગી રાજ્ય કયું છે ?

(A) છત્તીસગઢ  (B) મહારાષ્ટ્ર  (C) મધ્યપ્રદેશ  (D) રાજસ્થાન

(58) ધોરણ 3 થી 8 ના દિવ્યાંગ વિદ્યાર્થીને દિવ્યાંગ અધિનિયમ-2016 મુજબ પરીક્ષામાં કઈ વિશેષ સવલતો (છૂટછાટ) આપવામાં આવે છે ?

(A) કોઈ છૂટછાટ આપવામાં આવતી નથી.
(B) પરીક્ષાના સમયમાં એક કલાક વધારે અપાય છે.
(C) દિવ્યાંગ વિદ્યાર્થીની પરીક્ષા લીધા વિના પાસ કરવામાં આવે છે.
(D) દિવ્યાંગ વિદ્યાર્થીનું ઉત્તીર્ણતાનું ધોરણ 20% રાખવામાં આવે છે.

(59) બાળકની ઉંમર 6 વર્ષ પૂર્ણ ન હોય તો તેને પ્રારંભિક શાળામાં પ્રવેશ આપવામાં આવશે નહિ, તે જોગવાઈ RTE Rules-2012 ની કઈ કલમ અંતર્ગત કરવામાં આવેલ છે ?

(A) કલમ - 3 મુજબ  (B) કલમ - 1 મુજબ  (C) કલમ - 12 મુજબ  (D) કલમ - 6 મુજબ

(60) નવી શિક્ષણનીતિ-2020માં 5 + 3 + 3 + 4 ના માળખામાં પ્રથમ 5 વર્ષમાં કયા વય જૂથના બાળકોનો સમાવેશ થાય છે ?

(A) 6 થી 11 વર્ષના  (B) 5 થી 10 વર્ષના  (C) 3 થી 8 વર્ષના  (D) 4 થી 9 વર્ષના

(61) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમ-1949 મુજબ શાળા રજીસ્ટરમાં કોઈ વિદ્યાર્થીનું નામ દાખલ થઈ ગયેલ હોય, તેમાં સુધારા માટે કોની મંજૂરી લેવી પડે ?

(A) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
(B) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી
(C) સ્કૂલ બોર્ડના અધ્યક્ષ
(D) બીટ કેળવણી નિરીક્ષક

(62) 'મુખ્યમંત્રી જ્ઞાન સાધના યોજના' અંતર્ગત વિદ્યાર્થી ખાનગી શાળામાં ધોરણ 9 અને 10માં પ્રવેશ મેળવે તો તેમને વાર્ષિક કેટલી સ્કોલરશીપ મળશે ?

(A) 7,000
(B) 20,000
(C) 22,000
(D) 25,000

(63) NEP - 2020 માં જણાવ્યા મુજબ બાળકના મગજનો 85 ટકા વિકાસ ............. વર્ષની ઉંમર સુધીમાં જ થઈ જાય છે.

(A) 4
(B) 5
(C) 6
(D) 7

(64) નીચેના પૈકી કઈ સંસ્થા બાલવાટિકાનો અભ્યાસક્રમ તૈયાર કરવાની કામગીરી કરે છે.

(A) GCERT
(B) સમગ્ર શિક્ષા
(C) Children University
(D) પાઠ્યપુસ્તક મંડળ

(65) NEP 2020 'માત્ર ગોખણપટ્ટી આધારિત' શિક્ષણને બદલીને 'સમજ આધારિત' અભ્યાસ તરફ દોરી જાય છે. આ પરિવર્તનને સફળ બનાવવા સૌથી મહત્ત્વપૂર્ણ શું ગણાય ?

(A) પ્રશ્ન બેંક આપવી
(B) અભ્યાસક્રમમાંથી મૂલ્યાંકન પ્રશ્નો પસંદ કરી નિયમિત પરીક્ષા લેવી.
(C) ચર્ચા, પ્રવૃત્તિ અને પ્રૉજેક્ટ આધારિત શિક્ષણ
(D) દરેક વિષયની શિક્ષક આવૃત્તિ બનાવવી.

(66) 'ઊજાસભણી' કાર્યક્રમના મુખ્ય હેતુઓ જણાવો.

1. તંદુરસ્ત વૃદ્ધિ અને વિકાસ
2. મૂલ્યો અને નાગરિકતા
3. ભાવનાત્મક અને માનસિક આરોગ્ય
4. જેન્ડર સમાનતા

(A) 1 અને 4
(B) 1, 3 અને 4
(C) 3 અને 4
(D) બધા જ

(67) PM SHRI યોજના અંતર્ગત પસંદ થયેલ શાળાઓમાં કઈ કઈ આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ આપવામાં આવશે ?

(A) ગ્રીન સ્કૂલ
(B) પ્રાકૃતિક ખેતી
(C) 21મી સદીના કૌશલ્યોનું જ્ઞાન
(D) ઉપરોક્ત તમામ

(68) 'સ્કૂલ ઑફ એક્સેલન્સ' (SOE) ના ધ્યેયો પૈકી કયું મુખ્ય ધ્યેય નથી ?

(A) વિદ્યાર્થીઓનું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન થાય.
(B) વિદ્યાર્થીઓ ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરે.
(C) બધા વિદ્યાર્થીઓ પાયાનું વાચન, લેખન અને ગણન કૌશલ્ય મેળવે.
(D) ગુણોત્સવ અંતર્ગત તમામ શાળાઓ ગ્રીન સ્ટાર મેળવે.

(69) 'એક કદમ આગળ' નીચેના પૈકી શું છે ?

(A) Learning Skills વિકસાવવા GCERT દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક

(B) Higher Order Thinking Skills વિકસાવવા GCERT દ્વારા ડિઝીટલ માધ્યમથી પ્રશ્નોત્તરી

(C) Higher Order Thinking Skills વિકસાવવા GCERT દ્વારા પ્રકાશિત થતું પાક્ષિક અંક

(D) Higher Order Thinking Skills વિકસાવવા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત સાહિત્ય

(70) UN ના કયા SDG (Sustainable Development Goal) માટે NILP ને અમલમાં મૂકવામાં આવેલ છે ?

(A) SDG 4.1 (B) SDG 4.3 (C) SDG 4.6 (D) SDG 4.7

(71) NFSA 2013 ની જોગવાઈ મુજબ ઉચ્ચ પ્રાથમિક વર્ગોના બાળકો માટે રાંધેલા ગરમ ખોરાક માટે નીચેના પૈકી શું સાચું છે ?

(A) 450 કેલરી અને 12 ગ્રામ પ્રૉટીન (B) 700 કેલરી અને 20 ગ્રામ પ્રૉટીન

(C) 350 કેલરી અને 10 ગ્રામ પ્રૉટીન (D) 650 કેલરી અને 21 ગ્રામ પ્રૉટીન

(72) RTE Act-2009 મુજબ એક શાળામાં ધોરણ એકથી પાંચ શૈક્ષણિક કામકાજના ઓછામાં ઓછા કેટલા દિવસો અને શિક્ષણના કેટલા કલાકો નિયત કરવામાં આવેલ છે ?

(A) 200 દિવસ 800 કલાક (B) 220 દિવસ 800 કલાક

(C) 200 દિવસ 1000 કલાક (D) 220 દિવસ 1000 કલાક

(73) NEP-2020 અંતર્ગત નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) તેના પ્રથમ વિભાગ, શાળા શિક્ષણમાં કુલ 8 પ્રકરણોનો સમાવેશ કરેલ છે.

(B) નવી સંરચનાનું ચતુર્થ સોપાન (માધ્યમિક શિક્ષણ) 14 - 18 વર્ષના વયજૂથને આવરી લે છે.

(C) NIEPA દ્વારા NCF-SE તૈયાર કરવામાં આવશે જે બધી જ પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

(D) દરેક રાજ્ય 'રાજ્ય શાળા માનાંક પ્રાધિકરણ' (SSSA) નામની સ્વતંત્ર રાજ્યવ્યાપી સંસ્થાની સ્થાપના કરશે.

(74) RTE Act - 2009, GOIની જોગવાઈ પ્રમાણે શાળાની માન્યતા પરત ખેંચી લીધા પછી પણ નિયમિત રીતે નિયમોનો ઉલ્લંઘન કરવામાં આવે તો પ્રતિદિવસ કેટલા દંડની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) રૂા. 10,000/- (B) રૂા. 1.00/- લાખ (C) રૂા. 50,000/- (D) રૂા. 20,000/-

(75) RTE Act-2009 ની કઈ કલમ હેઠળ ગુજરાત સરકારને મફત અને ફરજિયાત શિક્ષણના નિયમો બનાવવાની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) 31 (B) 35 (C) 33 (D) 38

(76) RTE Act-2009 ની જોગવાઈ આધિન ગઠિત જાહેરનામામાં ખાસ તાલીમ માટે કેટલા સમયની મુદતની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) ત્રણ મહિના (B) બે મહિના (C) છ મહિના (D) ચાર મહિના

(77) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અંતર્ગત સાતત્યપૂર્ણ લક્ષ્યાંકોના બધા ધ્યેયો કયા વર્ષ સુધી પ્રાપ્ત કરી લેવાના છે ?

(A) વર્ષ - 2035 (B) વર્ષ - 2027 (C) વર્ષ - 2030 (D) વર્ષ - 2028

(78) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અંતર્ગત પ્રત્યેક વિદ્યાર્થી કયા ધોરણ સુધી મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત કરે ?

(A) ધોરણ - 8 (B) ધોરણ - 2 (C) ધોરણ - 5 (D) ધોરણ - 3

(79) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં જે સંસ્થાઓમાં મોટી સંખ્યામાં સામાજિક આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓ છે, ત્યાંની સંસ્થાઓમાં વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર શું રાખવાનું નિર્ધારીત કરેલ છે ?

(A) 28:1 (B) 30:1 (C) 25:1 (D) 35:1

(80) બિનઅનુદાનિત પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞાઅભિગમ/પ્રવૃત્તિ આધારીત શિક્ષણકાર્ય કરવા માટે કઈ સંસ્થા દ્વારા સહયોગ આપવાનું રહેશે ?

(A) ડાયટ (B) GCERT

(C) સમગ્રશિક્ષા (D) પ્રાથમિક શિક્ષણ નિયામક

(81) હાલમાં વિશ્વમાં યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે, તે રશિયા દેશનું ચલણ કયા નામથી ઓળખાય છે ?

(A) પાઉન્ડ (B) ડૉલર (C) દિનાર (D) રૂબલ

(82) "કેળવે તે કેળવણી" પુસ્તકના લેખક કોણ છે ?

(A) માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) ડૉ. અશોક પટેલ

(C) માન. શ્રી ગુણવંત શાહ (D) ઉપરોક્ત કોઈપણ નહિ

(83) 'વિશ્વ સાક્ષરતા દિન' કઈ તારીખે ઉજવવામાં આવે છે ?

(A) 8 સપ્ટેમ્બર (B) 8 ઑગસ્ટ (C) 18 સપ્ટેમ્બર (D) 15 માર્ચ

(84) વ્યાયામ શાળાઓમાં શ્રેષ્ઠ કામગીરી કરેલ હોય તેવા વ્યક્તિને ગુજરાત સરકાર દ્વારા કયો પુરસ્કાર આપવામાં આવે છે ?

(A) છોટુભાઈ પુરાણી પુરસ્કાર (B) અંબાલાલ પુરસ્કાર

(C) અંબુભાઈ પુરાણી પુરસ્કાર (D) એકલવ્ય પુરસ્કાર

(85) યોગ્ય જોડ બનાવો.

| 'A' | | 'B' |
|---|---|---|
| (1) ઈરાન | (ક) | તેલઅવીવ |
| (2) ઈઝરાયલ | (ખ) | ખારકીવ |
| (3) રશિયા | (ગ) | તહેરાન |
| (4) યુક્રેન | (ઘ) | સેન્ટ પીટર્સબર્ગ |

(A) 1 – ગ, 2 – ક, 3 – ઘ, 4 – ખ (B) 1 – ગ, 2 – ક, 3 – ખ, 4 – ઘ

(C) 1 – ગ, 2 – ઘ, 3 – ક, 4 – ખ (D) 1 – ખ, 2 – ક, 3 – ગ, 4 – ઘ

(86) સંયુક્ત રાષ્ટ્રના શાંતિ મિશનમાં ભારતીય પુરુષ દળનું નેતૃત્વ કરનાર પ્રથમ મહિલા કોણ હતા ?

(A) વ્યોમિકા સિંહ (B) સોફિયા કુરૈશી (C) અવની ચતુર્વેદી (D) મોહાના સિંઘ

(87) સાહિત્યકાર અને તેમની કૃતિઓ માટે યોગ્ય જોડ બનાવો.

| 'A' | 'B' |
| --- | --- |
| (1) ધ્રુવ ભટ્ટ | (A) મળેલા જીવ |
| (2) રઘુવીર ચૌધરી | (B) અમૃતા |
| (3) પન્નાલાલ પટેલ | (C) ઝેર તો પીધાં છે જાણી જાણી |
| (4) મનુભાઈ પંચોળી | (D) તત્ત્વમસિ |

(A) 1 – D, 2 – B, 3 – C, 4 – A
(B) 1 – B, 2 – C, 3 – A, 4 – D
(C) 1 – D, 2 – A, 3 – C, 4 – B
(D) 1 – D, 2 – B, 3 – A, 4 – C

(88) આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ કઈ તારીખે ઉજવવામાં આવે છે ?

(A) 26 ડિસેમ્બર
(B) 28 ફેબ્રુઆરી
(C) 21 ફેબ્રુઆરી
(D) 11 ડિસેમ્બર

(89) સૌથી પહેલાં રાજ્યાભિષેકની પરંપરા ક્યારે પ્રારંભ થઈ ?

(A) સૂત્રકાળ
(B) મહાકાવ્યકાળ
(C) ઉત્તર વૈદિકકાળ
(D) ઋગ્વેદિકકાળ

(90) કયા વર્ષમાં ભારતના સંવિધાનમાં વિધમાન મૂળ અધિકારોની સાથે મૂળ કર્તવ્યો જોડવામાં આવ્યા છે ?

(A) 1965
(B) 1980
(C) 1982
(D) 1976

(91) RTE Act-2009 ની કઈ કલમ અંતર્ગત BRC/CRC એ બાળકોના પ્રવેશ અંગેના કલેકશન સેન્ટરની કામગીરી માટે સૂચના આપવાની છે ?

(A) કલમ - 13(1) મુજબની
(B) કલમ - 12(1) (સી) મુજબની
(C) કલમ - 12(1) મુજબ
(D) ઉપરોક્ત એક પણ નહિ

(92) સી.આર.સી. કોર્ડીનેટર દ્વારા કઈ બાબતો માટે અનિયમિતતાઓ અંગે જરૂરી સુચનાઓ આપવાની રહે છે ?

(A) વિદ્યાર્થીઓની બાબતમાં
(B) અભ્યાસક્રમ અને વિદ્યાર્થી મૂલ્યાંકન પ્રણાલી અંગે
(C) હાજરી અંગે
(D) શિસ્ત સંબધિત બાબત

(93) 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના'નો લાભ મેળવવા વિદ્યાર્થીએ ધોરણ 10 માં કેટલા ટકા કે તેથી વધુ ગુણ મેળવવા જોઈએ ?

(A) 45 %
(B) 50 %
(C) 55 %
(D) 60 %

(94) શાળામાં મદદનીશ શિક્ષક ગેરહાજર છે આમ છતાં મુખ્ય શિક્ષક Online teacher attendance માં તેમને હાજર દર્શાવે છે. CRC કો-ઓર્ડીનેટર તરીકે તમને કઈ કાર્યવાહી વધુ યોગ્ય જણાય છે ?

(A) મુખ્ય શિક્ષકને નોટિસ આપી ખુલાસો માંગશો.
(B) વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં લેખિત જાણ કરશો.
(C) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને લેખિત જાણ કરશો.
(D) B.R.C. કો-ઓર્ડીનેટર મારફ્ત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને લેખિત જાણ કરશો.

(95) ધોરણ 1 અને 2 ના વર્ગખંડ અવલોકન દરમિયાન તમે જૂઓ છો કે શિક્ષક કોઈ વિદ્યાર્થીના નામ સામે પ્રગતિ રજિસ્ટરમાં B લખે છે તો તેનો અર્થ શું થાય ?

(A) વિદ્યાર્થી જાતે કરી શકતોનથી.
(B) વિદ્યાર્થી જાતે કરી શકે છે.
(C) વિદ્યાર્થી અન્યની મદદથી કરી શકે છે.
(D) વિદ્યાર્થી ખૂબ સારી રીતે કરી શકે છે.

(96) રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાન અંતર્ગત PM SHRI શાળાઓમાં Science Circles ની રચના કરવા માટે કેટલી ગ્રાન્ટ આપવામાં આવે છે ?

(A) રૂા. 2,000
(B) રૂા. 5,000
(C) રૂા. 3,000
(D) રૂા. 10,000

(97) સમગ્રશિક્ષા યોજના હસ્તક કઈ વયજૂથનાં વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવેલ છે ?

(A) 3 થી 18 વર્ષ
(B) 6 થી 18 વર્ષ
(C) 6 થી 14 વર્ષ
(D) 4 થી 18 વર્ષ

(98) બી.આર.સી. કો-ઓર્ડીનેટરની વિસ્તૃત ભૂમિકા અને જવાબદારીમાં કઈ જવાબદારીનો સમાવેશ થતો નથી ?

(A) સહકાર અને સંકલનની કામગીરી
(B) આર.ટી.ઈ. અધિનિયમ પ્રૉજેક્ટ લક્ષી કામગીરી
(C) માર્ગદર્શનની કામગીરી
(D) મસ્ટર ચકાસવાની કામગીરી

(99) બી.આર.સી. કો-ઓર્ડીનેટરની જવાબદારીમાં કયા પ્રકારની વહીવટી કામગીરીનો ઉલ્લેખ નથી ?

(A) સુપરવાઈઝર તરીકેની ભૂમિકા
(B) સહયોગ અને સંકલન
(C) ક્ષમતાવિકાસ અને નિરીક્ષણ
(D) સમાનતા માટે સહયોગ

(100) બી.આર.સી. કો-ઓર્ડીનેટર દ્વારા કઈ સંસ્થાના સહયોગથી શાળાની શૈક્ષણિક યોજના તૈયાર કરવાની રહે છે ?

(A) તાલુકા પંચાયત
(B) GCERT
(C) ડાયટ
(D) સમગ્રશિક્ષા કાર્યાલય

◆◆◆

રફ કામ માટેનું પેઈજ

QUESTION PAPER NO. A 103306

# રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુક્યા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.